# બનાસકાંઠામાં મહિલાઓએ ઓવરણાં લેતાં મોદી ભાવુક થયા

## વડાપ્રધાને બનાસ ડેરીના સણાદર પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું : ડેરીની મુલાકાત લઈ વડાપ્રધાને મહિલાઓની કાર્યશૈલીની પ્રસંસા કરી



પાલનપુર,તા.૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બનાસકાંઠામાં એશિયાની સૌથી મોટી બનાસડેરીના સણાદર પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું હતું. જેમાં બે લાખ કરતા વધુ પશુપાલક બહેનો કાર્યક્રમમાં ઉપસ્થિત રહી હતી. સ્ટેજ પર તેમનુ પશુપાલક મહિલાઓ દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યુ હતું. આ વેળાએ એક પશુપાલક મહિલાએ વડાપ્રધાનના ઓવારણા લીધા હતા. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં જનમેદની ઉમટી પડી છે. પીએમનાં બનાસકાંઠાની બહેનોએ ઓવારણાં લેતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી એક સમયે ભાવુક થઈ ગયા હતા. બહેનોએ પોતાના ભાઈનાં ઓવારણાં લઈને આશીર્વાદ આપ્યા હતા.

બનાસકાંઠામાં પીએમ મોદીના જ્યારે બહેનોએ ઓવારણાં લીધા ત્યારે ભાવુક થયા બાદ તેમણે જણાવ્યું હતું કે, જ્યારે બનાસકાંઠાની માતાઓ અને બહેનો દ્વારા મારા ઓવારણાં લીધા ત્યારે હું મારી ભાવનાઓને રોકી શક્યો નહોતો.

ઉલ્લેખનીય છે કે, પીએ મોદીએ તેમના સંબોધન દરમિયાન જણાવ્યું હતું કે, મારા જીવનમાં પહેલીવાર એવું બન્યું છે કે એક સાથે દોઢથી બે લાખ માતાઓ અને બહેનોએ આજે અમને સૌને આર્શીવાદ આપી રહ્યાં છે. જ્યારે મહિલાઓ ઓવારણાં લેતી હતી. ત્યારે હું મારા મનની ભાવનાઓને રોકી ના શક્યો. આપના આર્શીવાદ મા જગદંબાની ભૂમિની માતાઓના આર્શીવાદ મારા માટે અનમોલ આર્શીવાદ છે. અનમોલ શક્તિનું કેન્દ્ર છે. અનમોલ ઉર્જાનું કેન્દ્ર છે. હું બનાસની સૌ માતા અને બહેનોને શ્રધ્ધાપૂર્વક નમન કરું છું.

પ્રધાનમંત્રીએ સંબોધનમાં કહ્યુ કે, મા અંબાની આ પાવન ધરતીને મારા નમન છે. જીવનમાં પહેલીવાર અવસર આવ્યો કે, એક લક્ષ્યાંક લાખો માતા-બહેનો મને આર્શીવાદ આપી રહી છે. તમે ઓવારણા લઈ રહ્યા હતા ત્યારે હું મારા મનના ભાવને રોકી શકયો ન હતો. તમારા આર્શીવાદ મારા માટે અનમોલ શક્તિનું કેન્દ્ર છે. બનાસની માતા-બહેનોને મારા નમન.

ગત કેટલાક કલાકમાં હું ડેરીની તમામ નવી જગ્યાઓએ ગયો. અહી જે કામ થયુ તેનાથી હુ પ્રભાવિત છું. ભારતમાં ગામની અર્થવ્યવસ્થા અને માતાબહેનોના સશક્તિકરણને કેવી રીતે બળ આપી શકાય, કોઓપરેટિવ મુવમેન્ટ કેવી રીતે આત્મભારત અભિયાનને તાકાત આપી શકાય તે અહી અનુભવી શકાય છે. કાશીના મારા વિસ્તારમાં આવીને પણ બનાસ ડેરીએ ત્યાંના લોકોની સેવા કરવાનો સંકલ્પ કર્યો. હવે તેને મૂર્તરૂપ અપાયુ, તેથી કાશીના સાંસદ તરીકે હું તમારો ઋણી છું.

# આજે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દાહોદને ૨૧૮૦૯.૭૯ કરોડના વિકાસ કામોની ભેટ ધરશે

## દાહોદનાં ૧૨૫૯.૬૪ કરોડના વિકાસકાર્યોનું કરશે લોકાર્પણ, ૨૦૫૫૦.૧૫ કરોડનાં વિકાસ કાર્યોનો કરાવશે પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાતની મુલાકાતે પધારેલા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી આગામી તા. ૨૦ એપ્રીલે દાહોદ જિલ્લાના આદિવાસી બાંધવોને રૂ.૨૧૮૦૯.૭૯ કરોડના વિકાસ કામોની ભેટ ધરવાના છે. દાહોદનાં ૧૨૫૯.૬૪ કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ તથા રૂ. ૨૦૫૫૦.૧૫ કરોડનાં વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરશે. તેની સાથે વડાપ્રધાન દાહોદમાં આદિજાતિ મહાસંમેલનને સંબોધન પણ કરશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહિતના મહાનુભાવો વડાપ્રધાન સાથે જોડાશે. ત્યારે પ્રધાનમંત્રીને આવકારવા માટે આદિજાતિ બાંધવોમાં અદમ્ય ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

જનકલ્યાણના વિવિધ વિકાસકાર્યોમાં આરોગ્ય, આવાસ, વીજળી, રોજગારી, સલામતી, સ્કીલ ડેવલપમેન્ટ, જળસંચયના કામો, રસ્તાઓ સહિતની પાયાની સુવિધાઓ સાથે દાહોદ સ્માર્ટસીટી તરીકે મહાનગરોમાં જોવા મળતી સુવિધાઓ પણ આદિજાતિ બહુલ વસ્તી ધરાવતા દાહોદ જિલ્લાને મળશે. જેમાં આઈસીસીસી-આઈટી પ્રોજેક્ટ દાહોદ નગરને સ્માર્ટ સીટી તરીકે એક નવા સ્તરે લઈ જતો અને મહાનગરોમાં પણ ન જોવા મળતી અત્યાધુનિક સુવિધાઓ પ્રદાન કરતો એક મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ છે. રૂ. ૧૫૧.૦૪ કરોડના ખર્ચે સંપન્ન આ પ્રોજેક્ટનું ખરોડ ખાતે યોજાનારા ‘આદિજાતિ મહાસંમેલન’માં લોકાર્પણ પ્રધાનમંત્રી કરશે.

નર્મદા નદીના નીરને છોટાઉદેપુરના હાફેશ્વર પાસેથી છેક દાહોદના દક્ષિણમાં આવેલા છેક છેવાડાના ૨૮૫ ગામ અને એક નગર સુધી પહોંચતા કરવામાં આવ્યા છે. તદઉપરાંત આ યોજનાથી છોટા ઉદેપુરના ૫૮ ગામો અને ૧ નગરને શુદ્ધ પાણી મળ્યું છે. રાજ્ય સરકારના આ મેગા પ્રોજેક્ટ - હાફેશ્વર યોજના થકી આદીજાતિ બહુલ વસ્તી ધરાવતા કુલ ૩૪૩ ગામો તેમજ બે નગરની ૧૨.૪૮ લાખની વસ્તીની પાણીની સમસ્યાનું કાયમી નિરાકરણ આવ્યું છે. આ યોજનાનું લોકાર્પણ પ્રધાનમંત્રી કરશે.

ભારતીય રેલ્વે દ્વારા દાહોદ વર્કશોપમાં ૯ હજાર હોર્સ પાવરની ઈલેક્ટ્રીક લોકોમેટિવ મશીન ઉત્પાદન એકમનો શીલાન્યાસ કરશે. મેક ઈન ઈન્ડિયા અભિયાનને સાકાર કરતા આ પ્રોજેક્ટ થકી દાહોદ અને તેની આસપાસના જિલ્લાઓ માટે ૭ હજાર નોકરીની તકો ઉભી થશે. તેની લાગત રૂ. ૨૦ હજાર કરોડ છે.

તદઉપરાંત રાજ્ય સરકાર દ્વારા કડાણા ડેમ આધારિત યોજના અંદાજે રૂ. ૪૦.૪૨ કરોડને ખર્ચે પૂર્ણ કરાશે. તેમજ પાટાડુંગરી જુથ પાણી પુરવઠા યોજના રૂ. ૧૨૩.૮૮ કરોડને ખર્ચે સાકાર કરાશે. ઝાલોદ ઉત્તર જુથ પાણી પુરવઠા યોજના રૂ. ૪૮.૭૦ કરોડને ખર્ચે સંપન્ન કરાશે. જયારે ઝાલોદ દક્ષીણ જુથ પાણી પુરવઠા યોજના રૂ. ૯૪.૫૫ કરોડને ખર્ચે પૂર્ણ કરાશે. તેનો પ્રધાનમંત્રી પ્રારંભ કરાવશે.

# કોરોનાએ વેલનેસના જીવનમાં મહત્વનો અનુભવ કરાવ્યો : મોદી

## વડાપ્રધાને જામનગરમાં ગ્લોબલ ટ્રેડિશનલ મેડિસિન સેન્ટરનું ભૂમિપૂજન કર્યું : મોદીએ જામનગરની મુલાકાત દરમિયાન જામસાહેબ શત્રુશલ્યસિંહજી અને મુકેશ અંબાણી તથા આકાશ અંબાણીની પણ મુલાકાત કરી



જામનગર,તા.૧૯

બનાસ ડેરીના વિવિધ પ્રોજેક્ટનુ ઉદઘાટન કર્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી જામનગર પહોંચ્યા હતા. તેઓ અહીં વિશ્વ આયુર્વેદિક યુનિવર્સિટીના કાર્યક્રમમાં ભાગ લીધો હતો. જ્યાં વડાપ્રધાને જામનગરમાં ગ્લોબલ ટ્રેડિશનલ મેડિસિન સેન્ટરનું ભૂમિપૂજન કર્યુ છે.

પીએમ મોદી સાથે કેટલાક કાર્યક્રમોમાં ભાગ લેવા વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના ડાયરેક્ટર જનરલ ટેડ્રોસ ઘેબ્રેયસસ જામનગર પહોંચ્યા છે. વડાપ્રધાન જામનગરમાં ડબલ્યુએચઓ ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસિન (જીસીટીએમ)નો શિલાન્યાસ કર્યો છે. આ પ્રસંગે મોરેશિયસના વડા પ્રધાન પ્રવિંદ કુમાર જુગનાથ અને વિશ્વ આરોગ્ય સંસ્થા (ડબલ્યુએચઓ)ના મહાનિર્દેશક ડૉ. ટેડ્રોસ ઘેબ્રેયસસ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. જીસીટીએમ એ વિશ્વભરમાં પરંપરાગત દવા માટેનું પ્રથમ અને એકમાત્ર વૈશ્વિક કેન્દ્ર હશે. તે વૈશ્વિક સ્તરે આરોગ્યના આંતરરાષ્ટ્રીય કેન્દ્ર તરીકે ઉભરી આવશે.

ડબલ્યુએચઓએ ટ્રેડિશનલ મેડીસીન બાબતે ભારત સાથે ભાગીદારી કરી છે. આવનારા ૨૫ વર્ષ માટે આ શિલાન્યાસ ટ્રેડિશનલ મેડીસીન યુગનો પ્રારંભ કરી રહ્યો છે. ગ્લોબલ સેન્ટરની સ્થાપના જામનગરમાં થઈ રહી છે. જામનગરમાં જ પ્રથમ આયુર્વેદિક યુનિવર્સિટીની સ્થાપના થઈ હતી. જામનગરની ઓળખને વૈશ્વિક સ્તરની ઉંચાઈ મળશે. વેલનેશનું જીવનમાં શુ મહત્વ છે તે કોવિડ પેંડેમીકમાં અનુભવ કર્યો. જેટલી પ્રતિષ્ઠા ચાર વેદની છે એટલી જ પ્રતિષ્ઠા આયુર્વેદની પણ છે. વડવાઓ કહેતા હતા કે કઈ ઋતુમાં શુ ખાવું. નેશનલ ન્યુટ્રિશયન મિશન શરૂ થયું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મોરેશિયસના વડાપ્રધાન અને ડબલ્યુએચઓના વડાએ સમય ફાળવ્યો તે બદલ આભાર વ્યક્ત કર્યો

નોંધનીય છે કે, અંબાણી પરિવાર પણ પીએમ મોદીને મળવા પહોંચ્યા છે. મુકેશ અંબાણી અને આકાશ અંબાણી પીએમ મોદીને મળવા સર્કિટ હાઉસ પહોંચ્યા હતા. આજે મુકેશ અંબાણીનો જન્મદિવસ હોઈ આ મુલાકાત ખાસ રહી હતી, પીએમ મોદીએ તેમને જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી. વડાપ્રધાન સીધા જ જામનગરના પાયલોટ બંગલે પહોંચી જામનગરના રાજવી જામસાહેબ શત્રુશલ્યસિંહજી સાથે મુલાકાત કરી હતી.

### બીએપીએસ સંસ્થા દ્વારા મહિલા દિનની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૧૯

બીએપીએસ સંસ્થા દ્વારા પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી ઉપક્રમે ગાંધીનગર ક્ષેત્ર-૨ નો મહિલા દિન ૧૬ એપ્રિલે ઉજવાયો હતો.

પ્રસંગની શુભ શરૂઆત ધૂન-પ્રાર્થના અને સ્તુતિ નિલમબેન ચટ્ટોપાધ્યાય અને પાર્ટી દ્વારા થયુ હતુ. કાર્યક્રમમાં પ્રમુખસ્વામી શતાબ્દી અવસર નિમિત્તે સંવાદ, નૃત્ય તથા બાલિકા, યુવતી-મહિલાના સંયુક્ત ઉપક્રમે ગરબાનું આયોજન થયું હતું. વિશેષમાં પ.પૂ. ગુરૂહરિ મહંતસ્વામી મહારાજ લિખિત સત્સંગ દીક્ષા ગ્રંથનો બાલિકાઓએ મુખપાઠ રજૂ કર્યો હતો. ‘‘આપણા સાચા સ્વજન પ્રમુખસ્વામી મહારાજ’ વિષય પર કોલવડા આયુર્વેદ વિભાગના પ્રિન્સિપાલ ડૉ. સ્વીટીબેન, બાલિકા નિર્દેશિકા ક્રિષ્નાબેન તથા બીએપીએસ રાંદેસણ સ્કૂલના ડાયરેક્ટર ડૉ. નીતાબન શાહે પોતાના વક્તવ્યો આપ્યા હતા. આ અવસરે સંત માતાઓનું તથા સત્સંગ દીક્ષા મુખપાઠ કરનાર મહિલાઓને સન્માનિત કરાયા હતા.

# પૂજા ઠાકોરે રાજ્યના ૮૧ લોકોને સરકારી નોકરીની લાલચે છેતર્યા

## આરોપીઓ પાસેથી એક લાખ કેશ, ભરતીના ખોટા ફોર્મ, ડોક્યુમેન્ટ, પીએસઆઈનો યુનિફોર્મ, નકલી આઈકાર્ડ સહિતનો મુદ્દામાલ કબજે કરાયો હતો

ગાંધીનગર,તા.૧૯

દહેગામ ખાતે મીઠાના મુવાડામાં સ્વામી વિવેકાનંદ તાલીમ કેન્દ્રની એકેડમીમાં સરકારી ભરતીની લાલચ આપી પૈસા પડાવતી ગેંગની આરોપી પૂજા ગફુરજી ઠાકોરે જામીન મેળવવા સેશન્સ કોર્ટમાં અરજી કરી છે. જેની સામે તપાસ કરનાર અધિકારીએ એફિડેવિટ ફાઈલ કરીને એવી રજૂઆત કરી હતી કે, આરોપીઓએ રાજસ્થાન, ઉત્તરપ્રદેશ અને ગુજરાતના ૮૧ જેટલા લોકોને સરકારી નોકરી આપવાની લાલચે ઠગ્યા છે. આરોપીઓ પાસેથી એક લાખ કેશ, ભરતીના ખોટા ફોર્મ, ડોક્યુમેન્ટ, પીએસઆઈનો યુનિફોર્મ, નકલી આઈકાર્ડ સહિતનો મુદ્દામાલ કબજે કર્યો હતો.જયારે આરોપીઓએ ઉત્તરપ્રદેશથી પણ ઉમેદવારો પાસેથી ૨૫ લાખ ઉઘરાવ્યા છે ત્યારે આરોપીને જામીન ન આપવા જોઈએ. આ મામલે વધુ સુનાવણી આગામી દિવસોમાં થશે તેવું જાણવા મળ્યું છે. ઉલ્લેખનીય છે કે તાલીમ કેન્દ્ર નામની એકેડમી ચલાવતા હરિશ પ્રજાપતિએ પૂરવિંદરસિંગ, પૂજા ગફૂરજી ઠાકોર સહિત અન્યો સાથે મળીને ગુજરાતની વિવિધ સરકારી ભરતીઓમાં નોકરી અપાવવાના બહાને ઉમેદવારો પાસેથી પૈસા પડાવતા હતા. જેમાં અમદાવાદ પોલીસે દહેગામ સ્વામી વિવેકાનંદ તાલીમ કેન્દ્ર નામની એકેડમી ચલાવતા હરીશ તેમજ પૂજા ઠાકોરની ધરપકડ કરી હતી.

આરોપી પૂજા ઠાકોરે પોતે ફિઝિકલ ભરતીમાં નાપાસ હોવા છતાં તેણે પાસ હોવાનો ખોટો સિક્કો લેટરપેટ પર માર્યો હતો. બીજી તરફ આરોપી પૂજાએ નિર્દોષ હોવાથી જામીન પર મુક્ત કરવી જોઈએ તેવો મુદ્દો ઉઠાવી જામીન અરજી કરી હતી. તેના સામે મુખ્ય સરકારી વકીલે સુધીર બ્રહ્મભટ્ટે કોર્ટમાં એફિડેવિટ રજૂ કરીને જણાવ્યું હતું કે, મોટું સરકારી નોકરી આપવાનું કહીને લોકોને છેતરવાનું કૌભાંડ છે. આરોપીને જામીન આપવામાં આવે તો પુરાવા સાથે ચેડા થવાની શક્યતા નકારી શકાય નહીં. આ સમગ્ર કૌભાંડમાં ચાર જણાના મેજિસ્ટ્રેટ સમક્ષ નિવેદન લેવામાં આવ્યા છે. દહેગામ રોડ પર વિવેકાનંદ તાલીમ કેન્દ્ર ખાતેના રૂમમાંથી એક મેગઝીન સાથે પિસ્ટલ, એક ખાલી મેગઝીન, એક પિસ્ટલ પાઉચ, બનાવટી, સ્કૂલ લીવિંગ સર્ટિફિકેટ, ધોરણ-૧૦ની બનાવટી માર્કશીટ, બનાવટી બોનોફાઈટ સર્ટિફિકેટ, બનાવટી ટ્રાયલ સર્ટિફિકેટ, બનાવટી ગ્રામ પંચાયતનો દાખલો અને બનાવટી પોલીસ પ્રમાણપત્ર મળી આવ્યા છે.

પોલીસ તપાસમાં આરોપીઓએ ઉત્તરપ્રદેશના ઉમેદવારો પાસેથી ૨૫ લાખ ઉઘરાવ્યા હતા, ઉપરાંત પીએસઆઈની ૩ ભરતી માટે ૩૦ લાખ, એલઆરડી પુરુષ તથા મહિલાની ૨૯ ભરતી માટે ૧.૩૬ કરોડ, તલાટી કમ મંત્રી વર્ગ-૩ની ૬ ભરતી માટે ૩૦ લાખ, જુનિયર કલાર્કની એક ભરતી માટે ૨.૫૦ લાખ, ઈન્ડિયન આર્મી રિક્રુટમેન્ટની ૧૧ ભરતી માટે ૧૪.૪૦ લાખ, છસ્ઝની ૩ ભરતી માટે ૪.૫૦ લાખ મળી કુલ ૬૦ ભરતીમાં ૨.૧૭ કરોડ રૂપિયા ઉઘરાવ્યાનું સામે આવ્યું છે.

# અદ્યતન ટેક્નોલોજી થકી સુસજ્જ, વિદ્યા સમીક્ષા કેન્દ્રની મુલાકાત લેવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો અનુરોધ

ગાંધીનગર,તા.૧૯

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગાંધીનગરમાં કાર્યરત ‘વિદ્યા સમીક્ષા કેન્દ્ર’ આપણી ભાવિ પેઢી સમા બાળકોને નિખારવાનું મોટું ચેતન કેન્દ્ર બનશે એવો સ્પષ્ટ મત દર્શાવ્યો છે.

વડાપ્રધાનશ્રીએ આ ‘વિદ્યા સમીક્ષા કેન્દ્ર’ની પોતાના ત્રિદિવસીય ગુજરાત પ્રવાસના પ્રથમ દિવસે ગાંધીનગરમાં લીધેલી મુલાકાત વિશે બનાસકાંઠામાં યોજાયેલા મહિલા સંમેલનમાં વિસ્તૃત વિગતો આપી હતી.

વડાપ્રધાનશ્રીએ કહ્યું કે ગુજરાતમાં સરકારી પ્રાથમિક શાળાઓમાં આટલી મોટી અને અદ્યતન ટેકનીકનો ઉપયોગ દુનિયાને આશ્ચર્યચકિત કરી દેનારો છે.

આ વિદ્યા સમીક્ષા કેન્દ્ર ગુજરાતભરની ૫૪ હજારથી વધુ શાળાઓ, સાડા ચાર લાખ શિક્ષકો અને દોઢ કરોડથી વધુ બાળકો માટે શિક્ષણ ઊર્જાનું કેન્દ્ર, વાયબ્રન્ટ હબ બન્યું છે એમ પણ તેમણે રાજ્ય સરકારના આ અભિગમની સરાહના કરતા ઉમેર્યુ હતું.

વડાપ્રધાનશ્રીએ કેન્દ્ર અને રાજ્યોની સરકારોના સંબંધિત વિભાગોના અધિકારીઓને ગુજરાતના આ વિદ્યા સમીક્ષા કેન્દ્રની મુલાકાતે આવવા આગ્રહપૂર્વક અનુરોધ કર્યો હતો.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ અદ્યતન ટેક્નોલોજી સભર શિક્ષા સમીક્ષા કેન્દ્રનું અધ્યયન કરીને વિભિન્ન રાજ્યો તેનો અમલ પોતાના રાજ્યોમાં કરે તેવું પ્રેરક સૂચન પણ કર્યુ હતું.

આ કેન્દ્ર આર્ટીફીસીયલ ઈન્ટેલિજન્સ, મશીન લર્નિંગ, બિગ ડેટા એનાલિસિસ જેવી આધુનિક સુવિધાઓ થકી સુસજ્જ છે. આ કેન્દ્ર વાર્ષિક ૫૦૦ કરોડ ડેટાસેટનું વિશ્લેષણ કરે છે. જેમાં યુનિટ ટેસ્ટ, સત્રાંત પરીક્ષા, શાળાનું ગ્રેડેશન, વિદ્યાર્થી અને શિક્ષકોની હાજરી વગેરે જેવી બાબતો અંતર્ગત સુચારુપણે કાર્યવાહી થાય છે તેની વિગતો પણ તેમણે બનાસ ડેરીના કાર્યક્રમમાં ઉપસ્થિત જનમેદનીને આપી હતી.


સમગ્ર રાજ્યમાં એક જ પ્રકારનું સમયપત્રક, સમાન પ્રશ્નપત્ર, ચકાસણી વગેરે બાબતોમાં વિદ્યા સમીક્ષા કેન્દ્ર મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આ કેન્દ્રની મદદથી શાળાઓમાં વિદ્યાર્થીઓની હાજરીમાં ૨૬% સુધીનો નોંધપાત્ર વધારો થયો છે. શિક્ષણક્ષેત્રે આ કેન્દ્ર સમગ્ર દેશમાં મોટા પરિવર્તન લાવી શકે છે. તેમ વડાપ્રધાનશ્રીએ ઉમેર્યુ હતું.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ વધુમાં જણાવ્યું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં આ વિદ્યા સમીક્ષા કેન્દ્ર સમગ્ર દેશને શિક્ષણક્ષેત્રે એક નવી દિશા બતાવશે.

વિદ્યા સમીક્ષા કેન્દ્રની મુલાકાત માટે તેમણે માત્ર એક કલાકનો જ સમય ફાળવ્યો હતો, પરંતુ સમગ્ર પ્રકિયા અને શૈક્ષણિક ક્ષેત્રે થયેલ બદલાવને સમજવા અને જાણવા માટે રસ લઈને પોતે બે થી અઢી કલાક આ કેન્દ્રમાં રોકાયા તેનો વિશેષ ઉલ્લેખ વડાપ્રધાનશ્રીએ કર્યો હતો.

વિદ્યા સમીક્ષા કેન્દ્રથી પ્રધાનમંત્રીશ્રીએ ગુજરાતના વિવિધ જિલ્લાઓના સરકારી શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો સાથે વિસ્તારપૂર્વક સીધો સંવાદ કર્યો હતો.

વિદ્યા સમીક્ષા કેન્દ્ર જેવી આધુનિક વ્યવસ્થાનો લાભ દેશના જેટલા વધુ વિદ્યાર્થીઓને મળશે તેટલું જ ભારતનું ભવિષ્ય ઉજ્જ્વળ બનશે તેવી અભ્યર્થના સેવી વિદ્યા સમીક્ષા કેન્દ્રની સમગ્ર વિશેષતાઓ વડાપ્રધાનશ્રીએ પોતાના મનનીય વક્તવ્યથી લોકો સુધી પહોંચાડી હતી.





ગુજરાત સરકાર ના મુખ્યંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, સાહેબ તેમજ પ્રદેશ ભાજપા અધ્યક્ષ સી આર પાટીલ સાહેબતેમજ કેબિનેટ મંત્રી શ્રી પ્રદીપભાઈ પરમાર સાહેબે ગાંધીનગર જિલ્લા ભાજપના પ્રમુખ અનિલભાઈ પટેલજી ભલામણથી "કલોલ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ, ગુજરાત પ્રદેશ ભાજપ અનુ.જાતી મોરચાના કારોબારી સભ્ય, ભાજપના સિનિયર, સંનિષ્ઠ કાર્યકર, દલિત આગેવાન ‘મુકેશ પરમાર’ની રાજ્ય સરકારમાં ‘મહાત્મા ગાંધી એવોર્ડ પસંદગી’ સમિતિમા સદસ્ય તરીકે નિમણૂક કરવા આવી છે.




ગાંધીનગરના સેક્ટર-૨૯માં રંગમંચ ખાતે વિશ્વહિન્દુ પરિષદ બજરંગ દળ દ્વારા શનિવારે હનુમાન જયંતીના દિવસે ગોતરકાના બ્રહ્મચારી આશ્રમના મહંત પૂ. સ્વામી નિજાનંદ મહારાજના સાનિધ્યમાં ત્રિશૂલ દીક્ષા સમારોહ આયોજિત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે વીએચપીના ઉત્તર ગુજરાત પ્રાંત પ્રમુખ હર્ષદભાઈ ગિલેટવારા સહિત ગાંધીનગરના વીએચપી-બજરંગદળના હોદ્દેદારો તથા અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં

## એડવાર્ટાઈઝીંગ કલબ ઓફ બરોડાના વર્ષ-૨૦૨૨-૨૪ના હોદ્દેદારોની નિમણૂંક



અમદાવાદ, તા. ૧૯

એડવર્ટાઈઝીંગ ક્લબ ઓફ બરોડા છેલ્લા ૪૦ વર્ષથી વધુ વડોદરા શહેરમાં કાર્યરત છે. એડવર્ટાઈઝીંગ કલબ ઓફ બરોડામાં વડોદરા શહેરની નામાંકીત જાહેરાત એજન્સીઓ સંકળાયેલી છે. દર બે વર્ષે એડવર્ટાઈઝીંગ કલબ ઓફ બરોડાની પ્રણાલી પ્રમાણે નવા હોદ્દેદારોની નિમણૂંક થતી હોય છે. ૨૦૨૨-૨૪ના નવા હોદ્દેદારો માટેની નિમણૂંક માટે એડવર્ટાઈઝીંગ કલબ ઓફ બરોડાના તમામ સભ્યો એકઠા થયા હતા અને આવનારા ૨૦૨૨-૨૦૨૪ના વર્ષ માટે નવા હોદ્દેદારોની નિમણૂંક કરી હતી. જેમાં પ્રેસિડેન્ટ તરીકે ચિરાગ શાહ (અમી એડ્સ), વાઈસ પ્રેસિડેન્ટ તરીકે આશિર દલાલ (પર્લ એડવર્ટાઈઝીંગ), સેક્રેટરી તરીકે જીતેન્દ્ર જોબનપુત્રા (અક્ષય કોમ્યુનિકેશન એન્ડ માર્કેટીંગ) અને ટ્રેઝરર તરીકે વિરલ શાહ (પાર્શ્વ એન્ટરપ્રાઈઝની નિમણૂંક કરવામાં આવી હતી.

આ પ્રસંગે પૂર્વ પ્રેસિડેન્ટ હેમંતભાઈ ત્રિવેદીએ તેમના પ્રમુખ કાળ દરમ્યાન મનવંતા સભ્યો દ્વારા જે સાથ સહકાર મળ્યો હતો તે બદલ સૌનો આભાર માન્યો હતો અને નવી નિમણૂંકની જાહેરાત કરી હતી અને તેઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

આ પ્રસંગે એડવર્ટાઈઝીંગ કલબ ઓફ બરોડાના તમામ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા અને સર્વાનુમતે નવા હોદ્દેદારોની નિમણૂંકને આવકારી હતી અને શુભેચ્છાઓ પાઠવી હતી.

### પાથેય

● અનુસંધાન ચોથાનું ચાલુ...

જ્યાંત્યાં યાચના ના કરવી..તમારા માટે બહારથી સહાનુભૂતિ દાખવનારાની નિયત સારી નથી હોતી ! જેમ કુપાત્રે દાન ના હોય એમ જ કુપાત્રની પાસેથી મદદ પણ ના માગવાની હોય.

ઈશ્વરની રચનામાં ભલે ફૂલડાં ડૂબી જવાની ને કાળમીંઢ પથ્થરો તરી જવાની ઘટનાઓ બનતી રહે.એ જ ભગવાને દરેક માણસને અડીખમ આત્મવિશ્વાસ પણ આપ્યો છે.જીવવાની ખુમારી પણ આપી છે.ઝઝૂમતા રહેવાની ધગશ પણ એની જ દેન છે.માણસ જો ધારે તો ભાગ્યને પણ પલટાવી શકતો હોય છે.ઘણીવાર બહારથી જે સુખ દેખાતું હોય એ સુખ નહીં આભાસ પણ હોય છે જે મુસીબતો આપણને વિકરાળ લાગે છે એમાંથી જ માણસનું ઘડતર થતું રહે છે.મુશ્કેલીના સમયે લોકો આપણી સાથે કેવું વર્તન કરતા હતા એવું યાદ રાખવાને બદલે આપણે કોઈ દુ:ખી માણસને જોઈ જો એને સાચી મદદ કરીએ તો કદાચ જગતમાંથી દુ:ખો આપોઆપ ઓછાં થઈ જાય એ ચોક્કસ વાત છે.

### અનન્ય સાથી છું

● અનુસંધાન પહેલાનું ચાલુ

અત્રે ઉલ્લેખનીય છે કે બનાસકાંઠા જિલ્લાના દિયોદર ખાતે રૂપિયા ૬૦૦ કરોડના ખર્ચે નવનિર્મિત ડેરી સંકુલ અને બટાટા પ્રસંસ્કરણ પ્લાન્ટ રાષ્ટ્રને સમર્પિત કર્યું છે. આ નવું તૈયાર કરવા આવેલું ડેરી સંકુલ ગ્રીનફિલ્ડ પ્રોજેક્ટ છે, તેનાથી દૈનિક ધોરણે અંદાજે ૩૦ લાખ લીટર દૂધનું પ્રસંસ્કરણ થઈ શકશે, ૮૦ ટન માખણનું ઉત્પાદન, એક લાખ લીટર આઇસક્રીમ, ૨૦ ટન કન્ડેન્સ્ડ દૂધ (ખોયા) અને ૬ ટન ચોકલેટનું ઉત્પાદન થઈ શકશે.

બટાટા પ્રસંસ્કરણ પ્લાન્ટની મદદથી બટાટાની વિવિધ પ્રકારની પ્રસંસ્કરણ કરેલી વસ્તુઓનું ઉત્પાદન થઈ શકશે જેમાં ફ્રેન્ચ ફ્રાઈઝ, બટાટાની ચિપ્સ, આલુ ટિક્કી, પેટીસ વગેરે સામેલ છે. આમાંથી ઘણી વસ્તુઓને અન્ય દેશોમાં નિકાસ પણ કરેવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ બનાસ કોમ્યુનિટી રેડિયો સ્ટેશન પણ રાષ્ટ્રને અર્પણ કર્યુ છે. આ સામુદાયિક રેડિયો સ્ટેશન ખેડૂતોને કૃષિ અને પશુપાલન સંબંધિત મહત્વપૂર્ણ વૈજ્ઞાનિક માહિતી પૂરી પાડવાના ઉદ્દેશથી શરૂ કરવામાં આવ્યું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં ઉત્તર ગુજરાતના પશુપાલકો- દૂધ ઉત્પાદકના જીવનમાં નવી રોશની લાવવામાં આ પ્રોજેક્ટ મહત્વપૂર્ણ બનશે.

ગુજરાત સહકારી ક્ષેત્રના પ્રભાવનો ઉલ્લેખ કરી મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે સરદાર પટેલના દ્રષ્ટિવંત આયોજનની છાપ આજની દૂધ સહકાર ચળવળમાં દેખાય છે. આપણા વડાપ્રધાને ભારતને પાંચ ટ્રિલિયન ડોલર ઈકોનોમિ બનાવવા સાથે ભારતને આત્મનિર્ભર બનાવવાનો કરેલો સંકલ્પ સાકાર કરવા બનાસ ડેરી પણ પથદર્શક બનશે.

બનાસડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે ડેરીની સભાસદ મહિલાઓએ ગામે-ગામ ફરીને લોકોને કાર્યક્રમમાં આવવા નિમંત્રણ આપ્યું છે. પાણીની સમસ્યાને ધ્યાને લઈને સ્પિંકલર-ડ્રીમ ઈરિગેશનનો વિચાર આપ્યો અને આજે બનાસકાંઠા જિલ્લો આ બાબતે અગ્રેસર છે. આ અવસરે રાજ્યકક્ષાના સહકાર મંત્રી જગદીશભાઈ વિશ્વકર્મા, શિક્ષણ રાજ્યમંત્રી કિર્તિસિંહ વાઘેલા, સાંસદ સર્વે પરબતભાઈ પટેલ, દિનેશભાઈ અનાવાડિયા, ધારાસભ્ય શશિકાંત પંડ્યા, મુખ્ય સચિવ પંકજકુમાર, કલેક્ટર આનંદ પટેલ, ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, જી.એમ.એફ.સીના ચેરમેન શામળભાઈ પટેલ, સ્ટેટ કો.ઓપરેટિંગ બેંકના ચેરમેન અજયભાઈ પટેલ તેમજ બનાસડેરીના સભાસદ સભ્યો તેમજ મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહ્યા હતા.

### સેલફોન ટાવર

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિસ્તારમાં ચીનના મોબાઈલ ટાવરની સ્થાપના ભારતના સરહદી વિસ્તારોના ગામડાઓમાં નબળા કોમ્યુનિકેશન તરફ ઈશારો કરે છે. તેઓ (ચીન) આવા દૂરના વિસ્તારમાં ૪જી ટાવર સ્થાપિત કરી રહ્યા છે. જેનાથી હવે તેમના પશુપાલકો સતત સંપર્કમાં રહેશે. જ્યારે આપણા પશુપાલકો એકવાર તેમના પ્રાણીઓ સાથે ચરાવવા માટે નીકળી ગયા પછી, તેમનો સંપર્ક કરવો મુશ્કેલ છે. જો કે બોર્ડર પર એવા બે ગામ છે જ્યાં ટુજી સર્વિસ છે પણ નબળા સિગ્નલની સમસ્યા પણ છે. તેમણે ચીનના ટાવરની કેટલીક તસવીરો પણ ટ્વીટ કરી છે, જે ભરવાડો દ્વારા લેવામાં આવી હતી. જો કે અમે આની પુષ્ટિ કરી શકતા નથી.